સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સલવાઇ ગ્યાં ગાણાંમાં, સરકારી નાણાં, સદ્‌ભાવનામાં-
હોમાઇ ગયા માનવ-અધિકારો, સદ્‌ભાવનામાં-
ભૂલાઇ ગ્યાં બલિદાન કારસેવકોનાં સદ્‌ભાવનામાં,
પહેરાવી દીધી ટોપી રામમંદિરને સદ્‌ભાવનામાં,

હાઈકુ

હાલાત જોઇ,
રામ, મુંઝવણમાં-
જન્મું કે નહીં!!
(વાનરસેના - 'સભા સામસામે')

સંકટ કાળે
હથિયાર હથુકું-
'રામ મંદિર'
(રાવણોની ભક્તિ)

ચિંતન

સ્નેહો વરમ ધરિતો ન, વરં સજાતાં વિદ્ય હિતં સ્નેહઃ ।
હૃત નયનો હિ વિષાદી, ન વિષાદિ ભવતિ જાત્યન્ધઃ ॥

સ્નેહ થાય જ નહીં તે જ સારું છે પણ થયા પછી સ્નેહભંગ થાય એ વધારે દુઃખકર હોય છે. જેમ કે, જન્મથી જ જે અંધ હોય એને એટલું દુઃખ હોતું નથી જેની આંખો પાછલી વયમાં ચાલી જાય છે..

સુખ અને દુઃખ બંનેમાં સમન્વય જે સાધી શકે એ વ્યક્તિ 'તટસ્થ' રહી શકે છે એટલે કે સુખમાં એ છકી કે બહેકી જતા નથી, પણ સંયમિત-સાદગીપૂર્ણ સાત્ત્વિક જીવન જીવે છે એ દુઃખમાં એ હારી જતા નથી પરિણામે પતનાના માર્ગે પણ જતા નથી, પુરૂષ શાંતિથી સહન કરી દુઃખને હસીને પચાવી શકે છે.

પરંતુ જે લોકો પહેલાં ધનિક-સમૃધ્ધ હોય અને અચાનક ગરીબીની ગતમાં ડૂબી જાય એવા લોકો જો અજ્ઞાની હોય અને તાટસ્થ્ય ન સાચવી શકે તો માનસિક સમતૂલા ગૂમાવી દે છે.

એવી જ રીતે ગરીબીમાંથી અચાનક સમૃધ્ધિ-સત્તા સાંપડે એવા અદાકચરા પણ પોતાના મન સ્વભાવ પર સમતુલા સાચવી શકતા નથી.

સ્નેહ થાય જ નહીં એ સારું પણ તેને સંયમપૂર્વક ટકાવવો મુશ્કેલ છે. તૂટી જાય તો દુઃખકર થાય. અહીં આ વાત સમજાવતાં 'દૃષ્ટિ' ને દાખલો આપ્યો છે. જન્માંધને દૃષ્ટિ-નજરની કલ્પના ન હોવાથી દુઃખ લાગતું નથી પણ જેણે દુનિયા જોઇ છે એને માટે અંધાપો દુઃખકર છે.

સુવિચાર

- જીવનની ક્ષણેક્ષણનો સાક્ષાત્કાર કરવો, જીવનપ્રવાહ સાથે વહેવું એમાં જ જીવનનું સૌંદર્ય છે - રોહિત મહેતા
- જીવન એટલે પોતાના નવીનીકરણ સિધ્ધાંત, તે સતત સ્વયં નૂતન બને છે, નવા નવા આકાર, વિચાર ધારણ કરી પરિવર્તન પામે છે - પાસ્તરનાક
- જીવન એ સતત વહેતી સરિતા છે, અજ્ઞાનયાત્રા છે, ખુલ્લાપણું જીવન છે, બંધિયારપણું મૃત્યુ છે - બબાભાઇ પટેલ
- જીવનનો એવો કોઇ પ્રશ્ન નથી જેનો જવાબ જીવન રૂપી પુસ્તકના પાછલા પાને છાપેલો હોય, જીવન તો રહસ્યમય જ રહે છે - રોહિત મહેતા
- સાચા રમતવીરને રમતાં-રમતાં કે રમ્યા પછી કદી પણ થાક લાગતો નથી, નોકરી-ધંધાથી જે થાકી જાય એ જીવન નથી, ધંધો-વ્યવસાય પણ રમત છે, માણસે હસતાં રમતાં કામ કરવું જોઈએ. જીવન પણ રમત છે. - પાંડુરંગ આચવલે
- જીવન સુંદર અને આનંદમય જ છે, આપણા અહંકાર અને અજ્ઞાનને કારણે જ દુઃખમય દેખાય છે - ગોસ્વામી ગણેશ દત્તજી

બોધકથા

આપણે આપણી જ શ્રદ્ધા અને વિશ્વાસ પર મક્કમ નથી, દૃઢ વિશ્વાસ અને સંપૂર્ણ સમર્પણ જ સફળ બને, પૂનમ ભરવા ક્યારેક ડાકોર, ક્યારેક અંબાજી, ક્યારેક સારંગપુર, તો ક્યારેક દ્વારકા, આ ગુરુને પેલા બાબા, ક્યારેક સ્વાધ્યાય, ગાયત્રી કે સ્વામીનારાયણ આમાં કોઇ ફળે નહીં..

ઇરાનના સૂફી સંત જલાલુદ્દીન રૂમી પોતાના શિષ્ય મંડળ સાથે વિહાર કરતા હતા. રસ્તામાં એક ખેડૂત પોતાના ખેતરને ખૂણે ખાડો ખોદતો હતો. પચાસ પચાસ ફૂટના બે ખાડા તો ખોદેલા તૈયાર જ હતા. ત્રીજા ખાડાનું ખોદકામ ચાલુ હતું, એક ઉત્સુક શિષ્યએ ખેડૂતને ખાડા ખોદવાનું કારણ પૂછ્યું.

ખેડૂત કહે મારે પાણી માટે કૂવો ખોદવો છે, એક સંત કહી ગયા છે કે આ ખૂણામાં નીચે પાણી છે જ, પણ પચાસ-પચાસ ફૂટના બે ખાડા ખોદ્યા છતાં પાણી નીકળ્યુ નથી, એટલે હવે આ ત્રીજો ખાડો ખોદું છું.

સૂફી સંત સ્મિત સાથે કહ્યું, 'ભાઇ આમ તો તું તારું આખું (જીવન) ખેતર ખોદી નાખીશ તો પણ તને પાણી મળશે નહીં, તે એક જ જગ્યાએ દોઢસો ફૂટનો ખાડો ખોદ્યો હોત તો પાણી જરૂર મળત.' સાધક જીવનમાં પણ વારંવાર જુદે જુદે શ્રદ્ધાના ખાડા ખોદવાથી જીવનલક્ષ્ય પ્રાપ્ત થતું નથી અને જીવનરૂપી ખેતરની આવી જ દુર્દશા થાય છે.

સૈન્ય અને સરકારનો વિવાદ

ભલા આદમીઓ, અમારે તો જોઇએ, સુ-શાસન!

મારી નજરે
- વિષ્ણુ પંડ્યા

લેફ્ટનન્ટ જનરલ જગજિતસિંઘ અરોરા બાંગ્લાદેશ નિર્માણમાં ભાગ ભજવનારા લશ્કરી નાયક તરીકે જાણીતા હતા. ૧૯૮૫માં ગુજરાત બિરાદરીના ઉપક્રમે યોજાયેલા એક કાર્યક્રમમાં ભાગ લેવા તેઓ આવ્યા હતા. અમદાવાદથી ભાવનગરના પ્રવાસ દરમિયાન તેમની સાથે ઘણીબધી વાતચીતની તક મળી હતી. એક સવાલ મેં પૂછ્યો કે વર્તમાન ભારતીય લશ્કર અને લશ્કરી નેતૃત્વ વિશે તમે શું માનો છો?

થોડીક ક્ષણ મૌન રહીને તેમણે જવાબ આપ્યો : જો લશ્કર, દિલ્હીનું રાજકીય નેતૃત્વ અને લશ્કરમાં આંતરિક ખેંચતાણની મુશ્કેલી ના રહે તો આપણું સૈન્ય દુનિયાની સર્વશ્રેષ્ઠ શક્તિ તરીકેની પરંપરા જાળવી રાખી શકે.'

આજે આ વિધાન એટલા માટે ય યાદ આવે કે ભારતીય સૈન્યા વડા જનરલ વી.કે. સિંઘનાં વિધાનો અને વિવાદોનો ભારે ઉહાપોહ સરજાયો છે. 'શસ્ત્રોના સોદામાં મને લાંચ માટેની ઑફર થઈ હતી.' થી માંડીને 'ભારતીય લશ્કરના શસ્ત્રોમાં ૯૭ ટકા જેટલી ખાનાખરાબી છે.' સુધીનાં તેમનાં વિધાનો અને (ફૂટી ગયેલા) ખાનગી પત્રોથી જાતભાતની પ્રતિક્રિયા શરૂ થઈ ગઈ છે. લાલુપ્રસાદ યાદવે તો ત્યાં સુધી કહી નાખ્યું કે, 'આ માણસ ચૂંટણી લડવા માગે છે...' નિરંકુશ રાજકીય નેતાઓનાં વિધાનોને બાજુ પર રાખીએ તો યે ભારતીય સૈન્ય, તેની સુરક્ષા શક્તિ અને તેની હાલની સ્થિતિ વિશે ગંભીરતાથી વિચાર્યા વિના છૂટકો જ નથી.

કમનસીબે, દિલ્હી દરબાર તો વિશાળકાય ડાયનાસોરની જેમ અચલયાતન પડ્યો છે! રાજયસભામાં, ભૂતપૂર્વ સુરક્ષા પ્રધાન જસવંતસિંહે આ વિષય પર જે વાત કરી તેના તરફ આપણા અખબારોનું યે ભાગ્યે જ ધ્યાન દોરાયું છે. પ્રવર્તમાન લશ્કરી સંકટ વિષે તેમણે વિગતે આ ભાષણમાં વિશ્લેષણ કર્યું. પોતે ભૂતકાળમાં લશ્કરમાં અગત્યનો હોદ્દો ધરાવતા હતા. તેથી તેમનું નિરીક્ષણ વધું અસરકારક હતું. આ દીર્ઘ પ્રવચનના અંતે તેમણે શાલીનતાથી ગંભીર સવાલ પૂછ્યો : 'બિલીવ મી, માય ગૂડ સર્સ, ધ નેશન ઇઝ વી'અરી ઑફ યૉર 'ગૂડ નેચર'. વી હેવ ફૉર 'ગુડ ગવર્નન્સ.' કેન યુ નાવ, પ્લીઝ, ફૉર એ યેંજ ડૂ જસ્ટ ધેટ?'' (મારું માનો, મારા ભલા સાહેબો, દેશ આખો તમારા ભલા સ્વભાવથી હવે કંટાળી ગયો છે. અમે તો 'સારાં શાસન' ની ઇચ્છા રાખીએ છીએ. હવે મહેરબાની કરીને બદલાશો, ભલા આદમીઓ!

જસવંતસિંહના આ વિધાનોમાં દુઃખ છે, ગુસ્સો છે, કટાક્ષ પણ છે. આપણે ત્યાં યે કહેવત છે ને કે કશું જ કહી ન શકનારું કે કરી ન કરનારું ભલાપણું સા-વ નિરર્થક છે. રિ-એકશન ન લાવો તો કંઇ નહીં, એકશન તો લાવો!

વર્તમાન સૈનિકી વિવાદને સમજવા માટે થોડાક શબ્દોની જરૂર છે. એમાંનો એક છે સી.ઓ.એમ. (ચિફ મિનિસ્ટ્રી ઑફ ડિફેન્સ). એક સી.સી.એસ. છે. (કેબિનેટ કમિટી ઑન સિક્યુરીટી). આ ત્રણની વચ્ચે છે મિનિસ્ટર ફૉર ડિફેન્સ. હિન્દીમાં તે 'રક્ષામંત્રી' છે; પણ આજકાલ તો તેઓ કોની - કેવીક સુરક્ષામંત્રી કરે છે તે જ મોટો સવાલ છે.

ભારતની સરહદો ઘણી વિશાળ છે. ચીને કબજે કરેલી જમીન ૧૯૬૨ થી આપણે પાછી મેળવી શક્યા નથી. (યાદ આવ્યું વડાપ્રધાન પંડિત જવાહરલાલ અને તત્કાલિન સુરક્ષામંત્રી વી.કે. કૃષ્ણમેનનું શૌર્યપૂર્ણ વાક્ય - 'અમે એક-એક ઇંચ જમીન પાછી મેળવીને જ જંપીશું!') તેનાથી વિપરિત, હજુ અરૂણાચલ પર તે દાવો કરે છે, પાકિસ્તાન આંતરિક પ્રશ્નોને લીધે શાંત હોવા છતાં તેનો જેહાદી આતંકવાદ ગમે ત્યારે મુસીબત પેદા કરે તેવો છે, શ્રીલંકામાં આપસી યુધ્ધ ચાલે છે, માલદીવમાં સત્તાની ખેંચતાણ ચરમસીમાએ છે, નેપાળમાં ભારત શત્રુ માઓવાદીઓનું શાસન છે, મ્યાંમાર (બર્મા) લશ્કરી સકંજામાં ફફડે છે, બાંગ્લાદેશથી થયેલી ઘૂસણખોરી ઇશાન ભારતમાં યથાવત છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

ભગવાન શ્રીરામ પ્રાગટ્ય દિન : રામનવમી

અમી વર્ષા
- શિવશંકર દવે

ચૈત્ર માસની શુક્લની નોમ - રામ પ્રાગટ્ય દિન, ભારતીય જનજીવનને સાચા અર્થમાં ભારતીયતાથી રંગનારા બે તેજ પુંજ છે. પ્રભાકર અને સુધારક શ્રીરામ અને શ્રીકૃષ્ણ સૂર્યવંશમાં સૂર્યના તેજ સમાજ મધ્યાહન સમયે અવતાર ધારણ કરનાર - દશરથ નંદન શ્રીરામ છે.

યદુકુળમાં ચંદ્રમાની સાથે અડધી રાત્રે પ્રાર્દુભાવ પામેલા દેવકી નંદન છે. હકીકતમાં બંને સૂર્ય અને ચંદ્રનાં રૂપનાં છે. આથી જ કહેવાયું છે કે, 'જયાં સુધી સૂર્ય અને ચંદ્ર દિવસ અને રાત્રિને અજવાળતા રહેશે.'

બંને પોતાના યુગના ઉનર્માતા અને યુગધર્મના સંસ્થાપક હતા. બંનેનું ધ્યેય ધર્મની સ્થાપના કરવાનું હતું.

શ્રીરામે સત્યને આચરી ધર્મનું પાલન કર્યું છે. શ્રીકૃષ્ણે ન્યાયનું અવલંબન લઇ ધર્મની પ્રતિષ્ઠા કરી છે.

આ બે તેજ પુંજોની કથા એટલે રામાયણ અને મહાભારત. રામાયણ જ્ઞાનનો પ્રકાશ ધર્મને સત્યનું તેજ પ્રદાન કરે છે. મહાભારત પ્રતિપાદિત કર્તવ્યનું ચારણ ન્યાયને ધર્મ સંમત બનાવી દે છે. આથી જ કહેવાયું છે કે, 'રામાયણ જ્ઞાનપીઠ છે.' 'મહા ભારત કર્મભૂમિ છે. રામાયણ કર્તા મુનિશ્રી વાલ્મિકી રામની સમકાલિન છે :

આજે રામનવમી ભગવાનશ્રી રામનો પ્રાગટ્ય દિન છે. વાલ્મિકીનું એ રચેલ રામાયણની રચનામાં પ્રારંભ જ વાલ્મિકી નાદદને પુછે છે કે, 'સદાચારી અને સર્વ જીવોનું હિત જેના હૈયે વસે છે તેવો માણસ કોણ?'

નારદજીએ કહ્યું : શ્લોક :

ઇક્ષ્વાકુ વંશ પ્રભવો હાલો નામ જનૈઃ શ્રુતઃ

ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલ એક એવા પુરૂષ છે જે લોકોમાં 'રામ' નામથી પ્રખ્યાત છે.

(વા.રા. બાલકાંડ-સર્ગ : ૧, શ્લોક -૭)

તેઓ મનને વંશમાં રાખી શકે છે, મહા બળવાન છે, કાન્તિમાન, ધૈર્યવાન, અને જીતેન્દ્રીય છે એ વિષ્ણુ ભગવાન સમાન બળવાન છે. નારદજી વિદાય થયા.

વાલ્મિકીજી તમસા નદીને તટે સ્નાન કરવા ગયા. ક્રૌંચ પક્ષીના વધથી મુનિને દયા આવી. મુનિએ નિષાદને શાપ આપ્યો :

મા નિષાદ પ્રતિષ્ઠાં ત્વમગમઃ શાસ્વતી સમાઃ ।
ચદ્ર ક્રૌંચ મિથઉના દે કમ વધીઃ કામો મોહિતમ્ ॥

નિષાદ, તમે નિત્ય નિરંતર કોઇ સમયે શાંતિ નહીં મળે, કારણ કે તે આ ક્રૌંચ યુગલમાંથી એકનો વધ કર્યો છે, જે કામથી મોહિત હતું, કોઇ અપરાધ વગર હત્યા કરી.

(બાલકાંડ, સર્ગ-૩, ૧૫)

વિચાર કરતાં મહામુનિને લાગ્યું કે મેં આ શું કર્યું? બ્રહ્માજી પાસે જતાં બ્રહ્માજીએ વાલ્મિકીને કહ્યું કે તમારા મુખમાંથી નીકળેલ આ છંદોબધ્ધ વાક્ય શ્લોક રૂપે થશે. અને રામાયણ રચના થઇ. રામાયણ ભારતનું પ્રથમ મહાકાવ્ય બન્યું.

સામાન્ય રીતે વાલ્મિકીને લૂંટારા તરીકે વર્ણવાય છે. પરંતુ વાલ્મિકી રામાયણમાં ઉત્તરકાંડ વાલ્મિકી પોતે જણાવે છે કે, તેઓ વરુણના દશમા પુત્ર છે.

(યુધ્ધકાંડ, સર્ગ-૬૯, શ્લોક-૧૯)

આવા મહાન વિદ્વાન તપસ્વી મુનિએ 'રઘુવંશ વર્ણન કર્યું છે અને દશરથથી માંડી શ્રીરામની ભવ્યકથા વર્ણવી છે. જેને આજે પણ લોકો રામની ભવ્યકથા વર્ણવી છે. જેને આજે પણ લોકો ભૂલ્યા નથી. સંતશ્રી તુલસીદાસજીએ તેને અવધ ભાષામાં સામાન્ય લોકોને સમજાય તેવી ચોપાઇ, દોહામાં વર્ણન કર્યું છે. આજે પણ ઘેર-ઘેર વંચાય છે, અને લોક ચાહના પ્રાપ્ત કરે છે.'

(અનુસંધાન પાના નં. ૭ પર)

જિલ્લાનું તીર્થધામ : સ્થાપત્ય શૈલીનાં ઉત્કૃષ્ટ પ્રતિક સમાન અડાલજની વાવ

આપણા જિલ્લાના પ્રવાસધામો
- ભાનુપ્રસાદ એસ. દવે

ગુજરાતમાં સોલંકી અને વાઘેલા વંશોનાં શાસન દરમિયાન રચાયેલા સ્થાપત્ય બેનમૂન અને ઉલ્લેખનીય રહ્યા છે. સ્થાપત્ય શૈલીના એક ઉત્કૃષ્ટ પ્રતિક સમાન ગાંધીનગરની અડાલજ વાવ કાળનાં પ્રવાહો ઝીલીને આજે પણ એવી જ અડીખમ ઉભી છે. જોનારાઓનું મન મોહિ લે તેવી આ વાવ અમદાવાદથી આશરે ૨૦ કિ.મી., સાબરમતી કલોલ, ગાધીનગર માર્ગ પર પર અડાલજ ગામે આવેલી છે.

વાઘેલા રાવ વીરસિંહની ધર્મપત્ની રૂડાબાઇ એ આ વાવ બંધાવી. (ઇ.સ. ૧૪૯૯ થી ૧૫૦૨) નાં ગાળામાં એટલે કે સંવત ૧૫૫૫માં પોતાનાં પતિનાં સ્મરણર્થિ તે સમયનાં પાંચ લાખ ટકા (રૂપિયા) ખર્ચીને આ વાવ બનાવવામાં આવી છે.

જ્યા પ્રકારની ગણાતી આ વાવમાં પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ એમ ત્રણ પ્રવેશદ્વાર છે. અતિ દુર્લભ એવી આ વાવ બાંધનાર મુખ્ય સ્થપતિ ભીમાપુત્ર માંસણ હતા.

દક્ષિણ દિશામાં વાવનું પ્રવેશદ્વાર છે. વાવ ભૂગર્ભમાં પાંચ માળની છે. અને પાંચમો માળ પાણીની સપાટી નીચે છે. વાવની લંબાઇ ૭૫.૩ મીટર છે. વાવને ૯ થાંભલા, ચાર મંડપ અને ૩ પ્રવેશદ્વાર છે. આડાં પાટડાં શિલ્પકામથી ભરપૂર છે. પ્રથમ મંડપને બે માળ અને દરેક માળમાં ૧૨ સ્થંભ છે. ત્રીજા અને ચોથા મંડપ વચ્ચે અષ્ટકોણ ખંડ આવેલો છે. કુંડને ૯ મીટરનાં સમચોરસમાં ગોઠવેલ છે.

વાવની બંને બાજુ પાટડામાં શૃંગારિક દૃશ્યો છે. તેમાં વલોણું કરતી, વાળ ઓળતી સ્ત્રીઓ, ડમરૂ વાદ્ય વાદકો, અને પોપટ સાથેની એક કુમારિકાનું ચિત્ર જોવા મળે છે. બીજા માળની સીડી ઉતરતાં નવગ્રહ કંડારેલા છે. વાવમાં દુર્ગા, ચામુંડા વગેરે દેવીઓનાં શિલ્પો શિલ્પકામથી ભરપૂર છપ્પન જેટલાં ગોખલાં કંડારાયેલા છે. એકદમ સુરેખ, બારીક કોતરણી બેનમૂન સ્થાપત્ય આપણને મંત્રમુગ્ધ કર્યા વિના રહેતું નથી એ વખતે બાંધકામ ક્ષેત્રમાં જોડાયેલાં લોકો પોતાની કલા-કાલીગરીને કેવી અપ્રતિમ રીતે રજૂ કરતાં હશે અને કલા પ્રત્યે તેની ભાવના કેટલી ઉચ્ચ હશે તેવી લાગણી સ્વભાવિક રીતે થાય છે.

કેન્દ્ર સરકારનાં પુરાતત્ત્વ વિભાગ દ્વારા વાવની જાળવણી કરવામાં આવે છે. વાવમાં પ્રવેશતાં બાજુમાં હરિયાળી લોન સાથેનો બગીચો પણ છે.

પ્રવાસન વિશ્વને જોડે છે, આ વાતને ધ્યાનમાં લઇને રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૬ ને પ્રવાસન વર્ષ તરીકે ઉજવ્યું છે. આ દરમિયાન જિલ્લાના પ્રવાસન ક્ષેત્રોને વિકસાવા કાર્ય થયું. અહિં શૌચાલયની સુવિધા, સી.સી. રોડ, ગાંડા બાવળને હટાવવાની કામગીરી, ઘોબીઘાટ જેવા વિકાસકાર્યો પૂર્ણ થયા છે. વાવનાં વિસ્તારોનો વિકાસ થાય તે માટે હજું ઘણું કરવાનું બાકી છે.

અહિં દેશ-વિદેશથી મુલાકાતીઓ આવે છે. પ્રભાવિત થાય છે. અડાલજની વાવ શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિએ વૈશ્વિક પ્રસિધ્ધિ મેળવી ચૂકી છે. એક પ્રવાસન સ્થળ તરીકે પણ આ વાવની મુલાકાત યાદગાર બની રહે છે.

અડાલજની વાવ શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિએ વૈશ્વિક પ્રસિધ્ધિ મેળવી ચૂકી છે, એક પ્રવાસન સ્થળ તરીકે પણ આ વાવની મુલાકાત યાદગાર બની રહે છે

લાખો વર્ષ પહેલાં કુદરતી પ્રક્રિયાઓને કારણે પ્રાણીઓ અને વનસ્પતિઓ અને તેમની રચનાઓ કે સગડ માટી કે રેતીમાં દટાઇ ગયા બાદ ધીમે ધીમે તેમાં થતી રાસાયણિક પ્રક્રિયાઓથી 'જીવાવશેષો' તૈયાર થયા

જીવાવશેષો - Fossils

આપણી પૃથ્વીની ઉત્પત્તિ થયાને ૪.૫ અબજ વર્ષ થયા. પૃથ્વી પર પ્રથમ જીવ ધૂમકેતુમાંથી પડેલા એમીનો એસિડના આધારે ૩.૮ અબજ વર્ષ પહેલા પેદા થયો. ત્યારથી લઇને આજ સુધી પૃથ્વી પર ૨૦ લાખ જેટલા જીવોને આપણે માનવો વર્ગીકૃત કરી શક્યા છીએ, ઓળખી શક્યા છીએ. આ દરમિયાન પૃથ્વી પર અસંખ્ય ધરતીકંપો, વાવાઝોડા જેવી પ્રાકૃતિક આપત્તિઓ આવી અને પાંચ વખત પૃથ્વી પર મહા વિલોપનો થયા. ઘણાં જીવો લુપ્ત થયા, ઉત્ક્રાંતિકાળમાં ઘણાં નવા જીવો ઉદ્‌ભવ્યા. આ પૈકી મોટા ભાગની ઘટનાઓ માનવ જાતિના ઉદ્‌ભવ પહેલાં થઇ, તેમ છતાં આજે આપણે પૃથ્વીના આવા લુપ્ત રહસ્યોને ઉકેલી શક્યા છીએ અને ઘટનાક્રમોની ધારણાઓ કરી શક્યા છીએ. આ પાછળનો મુખ્ય એક આધાર છે - ''જીવાવશેષો.''

જીવોના અવશેષો એટલે કે જીવાવશેષોને અંગ્રેજીમાં 'ફોસિલસ્' કહે છે. લેટીન શબ્દ **'fossus'** નો અર્થ થાય છે. 'ખોદી કાઢેલું', તેથી જીવાવશેષોને સરળ ભાષામાં ટૂંકમાં જમીનમાંથી ખોદાણ કે ધોવાણ દરમિયન મળી આવેલ પ્રાચીન કાળનાં કાર્બનિક કે અકાર્બનિક, સેન્દ્રિય કે અસેન્દ્રિય પધાર્થોના અવશેષો કહી શકાય. ઓછામાં ઓછાં ૧૦,૦૦૦ વર્ષથી વધુ જૂના અવશેષોનો 'જીવાવશેષ' તરીકે સમાવેશ કરાય છે.

લાખો વર્ષ પહેલાં કુદરતી પ્રક્રિયાઓને કારણે પ્રાણીઓ અને વનસ્પતિઓ અને તેમની રચનાઓ કે સગડ માટી કે રેતીમાં દટાઇ ગયા બાદ ધીમે ધીમે તેમાં થતી રાસાયણિક પ્રક્રિયાઓથી 'જીવાવશેષો' તૈયાર થયા.

સેન્દ્રિય પદાર્થોના બનેલા પ્રાણીઓ અને વનસ્પતિઓના સખત ભાગો લાંબા સમય માટે ટકી રહે છે. આ માટે આવા સખત ભાગોનું સિલિકા, કેલ્સાઇડ, લિમાનાઇટ, પાઇરાઇટ વગેરેની મદદથી થતું પુનઃસ્થાપન કારણભૂત હોય છે.

સૂક્ષ્મ એવા બેકટેરીયાના એક કોષથી લઇને મહાકાય ટનબંધ વજન ધરાવતાં ડાયનાસૌરના કે વિશાળ કદનાં વૃક્ષના જીવાવશેષો મળે છે. પ્રાણીઓના હાડકા તથા દાંત જીવાવશેષ તરીકે સારી એવી સ્થિતિમાં મોટા પ્રમાણમાં મળી આવે છે. જ્યારે ઘણીવાર પ્રાણીઓના કે વનસ્પતિઓના મુલાયમ ભાગો જેવા કે ચામડી, પીંછા, રૂંવાટી, પાંદડા, નાની ડાળીઓ વગેરેની ફક્ત છાપ સચવાયેલી મળી આવે છે. ટ્રેક (સગડ) ફોસિલના પ્રકારનાં પ્રાણીઓના સેન્દ્રિય પદાર્થો જેવા કે મળ પદાર્થો, માળાઓ, ઇંડા, ઇંડાના કવચ, તેમને કારણે પડેલાં ચીલાઓ, પગલાંઓ, છીદ્રો તથા અન્ય નિશાનોની છાપ કે મુદ્રણો પથ્થરો પર અંકિત થયેલા જોવા મળે છે.

ખાસ કરીને ચોક, ચુનાના પથ્થરો, સેન્ડ સ્ટોન જેવા પથ્થરોમાં જીવાવશેષો મળી ઓ છે. દરિયાના પેટાળો તથા તળાવોના પાણીમાં તળિયા ભાગે વર્ષોથી માટી/રેતી અને સેન્દ્રિય પધાર્થોના સ્તર પર સ્તર જામ્યા કરે છે. અને તેમાંથી રાસાયણિક, પ્રક્રિયાઓ તથા દબાણને કારણે ખડકો (રોક) ની રચના થાય છે. જીવાવશેષો સ્તરીય જલકૃત ખડકોમાં જોવા મળે છે. જવાળામુખીને કારણે પેદા થયેલા ગ્રેનાઇટ તથા બેસાલ્ટના ખડકોમાં જીવાવશેષો મળતાં નથી. નદીના કોતરો તથા દરિયાની ખાડીમાં પાણીથી થતાં ધોવાણને કારણે ઘણીવાર ફોસિલ્સ ખુલ્લા થાય છે. ઘણી જગ્યાએ આપણે ખોદકામ કરીને પણ તેને શોધી કાઢીએ છીએ.

૨૦મી સદીમાં રેડીયા મેટ્રીક તથા રેડીયો કાર્બન પધ્ધતિની મદદથી જીવાવશેષો કેટલા પ્રાચીન સમયના કે કયા કાળના છે તે શોધી કાઢવામાં આવે છે. જીવાવશેષો તરીકે મળતાં ખડકો તથા અન્ય આધારો ધ્યાને લઇને માનવ ઉત્પત્તિ પહેલાના સમયની આબોહવા, જમીનીક વૃધ્ધિ, જીવોનો ઉદ્‌ભવ તથા અનુકૂલનો, પ્રાણીઓના વર્તન વગેરેની જાણકારી મેળવવામાં આવે છે. જીવાશ્મ શાસ્ત્રીઓ (**Paleontologists**) એ જીવાશ્મ વિજ્ઞાન કે ભૂ-વિદ્યા વિજ્ઞાન (**Paleontoly**) ને આધારે પૃથ્વીના અગણિત ગુપ્ત રહસ્યો ઉકેલી કાઢ્યા છે.

૩.૪ અબજ વર્ષ પહેલાનું સ્ટોમેટોલાઇટ્સ **'Stromatolites'** જીવાવશેષ એસ્કુલી પ્રાચીનમાં પ્રાચીન ગણાય છે જે સ્તર ઉપર સ્તરની રચનાથી તૈયાર થયેલ ખડક છે.

માનવ અને વાનરના જીવાવશેષોના આધારે જાણી શકાયું કે 'હિન્ડેલબર્ગ' નામનો માનવી જાતિ હિમયુગ દરમિયન પેદા થઇ. ત્યારબાદ 'હોમો સેપિયન' અને 'ક્રો-મેનિયન' જાતિના માનવોના જીવાવશેષો મળ્યા. ફ્રાન્સના ડોરડોનિની ગુફામાંથી માનવોનાં 'ક્રો-મેનિયન' જાતિના જીવા અવશેષો મળ્યા હતાં જે હિમયુગ દરમિયાનના માનવ વિકાસના દર્શક છે.

ફોસિલના જુદા જુદા પ્રકારો છે. તેમાં સૂચક, બદલાવ, સુક્ષ્મ, રેસીન, મૃતાવશેષો વગેરે જીવાવશેષોનો સમાવેશ થાય છે. વૃક્ષનાં લાકડીના વુડ ફોસિલમાં મોટા ભાગે વૃક્ષનું જાડું થડ જ પ્રાપ્ત થાય છે. તેની ડાળીઓ, પાદડાં, શાખાઓનાં અવશો મળતાં નથી. હોર્સ સુ કેબ (કરચલો) એ ટુઆટારા સરિસૃપ એ જીવતાં અશ્મિઓ કહેવાય છે. આ જીવોની નજીક તેના જેવી કોઇ જાતિના જીવો જોવા મળતાં ન હોઇ તેમને 'લાઇવ ફોસીલ્સ' કહે છે. જે વર્ષોથી કોઇ બદલાવ વગર ટકી રહ્યા છે.

જીવાવશેષો એકત્રિકરણ વૈજ્ઞાનિક સંશોધનો, શોખ અને નફો મેળવવા, વેપાર કરવા માટે થાય છે. વિશ્વમાં ઘણી જગ્યાએ કિંમતી ફોસિલ્સ વેચાય છે અને ચીન જેવા દેશમાં તેની મોટા પ્રમાણમાં ચોરીઓ પણ થાય છે. આપણે ત્યાં કચ્છ, દાહોદ, બાલાસિનોર જેવી જગ્યાએથી જુદા જુદા કાળનાં મોટાપ્રમાણમાં જીવાવશેષો પ્રાપ્ત થયા છે.

- hmtsuthar@gmail.com

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૧લી એપ્રિલ એપ્રિલ ફૂલ ડે

આયોજનપૂર્વક મુર્ખ બનાવી આનંદ પ્રાપ્ત કરવાનો દિવસ. આ મજાકમાં માત્ર આનંદ લેવાનો આશય મહંદઅંશે રહેલો છે. એપ્રિલ ફુલની પ્રથાનો પ્રણેતા દેશ ફ્રાન્સ છે. 'એપ્રિલ ફીશ' 'આશાનીથી પકડાતી માછલી' આવું વાકય ૧લી એપ્રિલના દિવસે પ્રસિધ્ધ છે. આયરિશો એપ્રિલ-ડેના દિવસે ટિકીટ ચોડ્યા વગરની ટપાલ પોસ્ટ કરે છે. સ્પેન, જર્મની અને રશિયામાં લોકોને એપ્રિલ ફુલ પસંદ નથી છતાંય ૧લી એપ્રિલનું મહત્ત્વ લગભગ વિશ્વવ્યાપી છે.

બિસ્મા બિસ્માર્કનો જન્મદિન

જર્મનીના મહાન રાજદ્વારી નેતાનો જન્મદિન. રાજકીય, આર્થિક બંધારણીય ન્યાય અને લશ્કરી રીતે યુરોપનું નેતૃત્વ લઇ શકે તેવા પ્રથમ હરોળના, જર્મનીને તેમણે બનાવ્યું.

લ્યુએનબર્ગના ડચુક, ફિલ્મ માર્શલ જેવા ખિતાબો તેમણે પ્રજાને આપ્યા હતા.

- આજથી ૧૮૮૨માં પોસ્ટ ખાતાની સેવિંગ્સ બેંકની સ્થાપના, સૌ પ્રથમ ઇન્કમટેક્ષની શરૂઆત ૧૮૮૬, અને ૧૯૬૩માં ગુજરાતમાં પંચાયતીરાજ ચાલુ કરવાની જાહેરાત થઇ.
- માધવપુરના મેળાનો પ્રારંભ. રામનવમી ચૈત્ર સુદ-૯ થી ૧૩ સુધી યોજાતો વિખ્યાત માધવપુરનો મેળો જોવાના મૂળમાં ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમણીજીના લગ્નની ઉજવણી રહેલ છે. શ્રીકૃષ્ણે કુંદનપુરથી રુકમણીનું હરણ કર્યું. માધવપુરમાં તેની સાથે લગ્ન કર્યા.